મૃત માની લેવાયો હતો તે વડોદરાનો યુવક જીવતો નીકળ્યો

પ્રતાપનગરનો યુવક 2018માં ઘરેથી દૂધ લેવા નીકળ્યા બાદ ગુમ થયો હતો

સીઆઇડી ક્રાઇમના ઉપક્રમની મહિલા અને બાળમિત્રની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

સુરત : વડોદરાના પ્રતાપનગર વિસ્તારના રહેવાસી અમોલ

ચંદ્રકાંત ખિસ્તે એક ઉચ્ચ શિક્ષિત અને પ્રતિભાશાળી યુવાન છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી - ચાર ભાષાઓ પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા અમોલે એમ.કોમ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેઓ મુંબઈમાં રિલાયન્સ જેવી પ્રતિષ્ઠિત કંપનીમાં તેમજ દુબઈમાં પણ નોકરી કરી ચૂક્યા હતા. જોકે, માનસિક બીમારીને કારણે ૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સવારે દૂધ લેવા જવાનું કહીને નીકળેલો આ યુવાન ઘે પરત આવ્યો ન હતો. ઘટનાના એક વર્ષ પછી, ૨૪ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ પુત્રના વિરહમાં અમોલના માતાને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેઓ પુત્રને યાદ કરતાં કરતાં દેવલોક પામ્યા હતા. આશરે સાડા સાત વર્ષના લાંબા સમય પછી પોલીસે તપાસ બંધ કરી, અમોલને મૃત માની સિવીલ ડેથ ડિક્લેર થાય તે માટે કોર્ટનો આદેશ મળે તેની કાયદેસરની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી ગઈ હતી.

તો બીજી તરફ કોલકાત્તાની સામાજિક સંસ્થાને તે મળી આવ્યો હતો. આ યુવક ગુજરાતી હોવાથી સંસ્થાના તપન પ્રધાને ગુજરાત રેલવેઝ એન્ડ સીઆઇડી ક્રાઇમના ઉપક્રમની મહિલા અને બાળમિત્રના કો-ઓર્ડિનેટર પિયુષ શાહનો સંપર્ક કર્યો હતો અને પિયુષ શાહે તેમના વડોદરાના ટીમ મેમ્બર ઉમેશ બેલસરેનો સંપર્ક કર્યો હતો અને યુવાન જે સ્થળ બતાવી રહ્યો હતો ત્યાંથી જ તેના પરિવારને શોધવાનો રસ્તો મળી ગયો હતો.

આ રીતે સાડા સાત વર્ષે મળ્યો વડોદરાનો યુવાન

3 પાત્ર — મહિલા અને બાળમિત્રના સભ્ય ઉમેશ બલેસરે પ્રતાપનગર બ્રિજની નીચે આવેલા તમામ મંદિરોની તપાસ કરીને સાડાસાત વર્ષ પહેલા ગુમ થયેલા યુવાનના પરિવારને શોધી કાઢયો
- **ઉમેશ બેલસરે**

2 પાત્ર — ગુજરાત મહિલા અને બાળમિત્રના કો-ઓર્ડિનેટર પિયુષ શાહે વડોદરાના સભ્યને પ્રતાપ નગર બ્રિજ નીચે મંદિરમાં રહેતી માસીનો સંબંધી ગુમ થયો છે કે કેમ તે શોધવા કહ્યું
- **પિયુષ શાહ**

1 પાત્ર — ઇશ્વર સંકલ્પ સંસ્થાના કાર્યકર તપન પ્રધાનને આ યુવાન ગુજરાતી હોવાથી તેમણે ગુજરાતના પિયુષભાઇ શાહને યુવાન વડોદરાનો હોવાની જાણકારી આપી
- **તપન પ્રધાન**



શિયાળાની કડકડતી ઠંડીમાં વિદ્યાર્થીઓના હિતમાં પગલું

શિયાળામાં વિદ્યાર્થી શાળામાં કોઈપણ ગરમ કપડા પહેરી શકશે : DEOનો પરિપત્ર

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના કપડાં પહેરવા તેમજ મોડા આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેનો પરિપત્ર જારી કરી પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓના આચાર્યોને સૂચના આપવામાં આવી છે.

વડોદરા શહેરની કેટલીક શાળાઓમાં હાલચાલની રહેલી ઠંડીની ઋતુમાં કેટલાક વિદ્યાર્થીઓ સ્કૂલમાં મોડા પડતા તેમને શાળામાં પ્રવેશ નહીં આપી ગેટ બંધ કરી દેવામાં આવતા હતા તેમજ ચોક્કસ રંગના જ ગરમ કપડા પહેરવા ફરજિયાત કરવામાં આવ્યું હતું.

જે મામલે શહેરના જાગૃત એડવોકેટ ભાવિન વ્યાસ દ્વારા ડીઈઓને ધારદાર રજૂઆત કરી યોગ્ય પગલાં લેવા જણાવાયું હતું. ત્યારે, આ રજુઆતની અસર વર્તાઈ છે. શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓ પાંચથી દસ મિનિટ મોડા આવતા ગેટ બંધ કરી દેવામાં આવતો હોય તેમજ ચોક્કસ પ્રકારના જ ગરમ કપડા પહેરવા પર સંચાલકો દ્વારા દબાણ કરવામાં આવતું હોવાની મળેલી ફરિયાદ બાદ જિલ્લા શિક્ષણાધિકારી એમ.આર.પાંડે દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો. જેમાં જણાવ્યું છે કે, હાલ શિયાળાની કડકડતી ઠંડીમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જે પણ ગરમ કપડાં પહેરીને આવે તેને ચલાવી લેવાના રહેશે તેમજ કોઈ પણ વિદ્યાર્થી શાળામાં 5 થી 15 મિનિટ મોડું આવે તો તેને શાળામાં પ્રવેશ આપવો અને હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ શાળાનો સમય આચાર્યોએ સ્વવિવેક અનુસાર ફેરફાર કરી શકશે અને જો સૂચનાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો નિયમ અનુસારની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે તેવી સૂચના પણ આપવામાં આવી છે.

સ્પોર્ટ્સ ડે ની સફળતા માટે તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો

ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી : વિવિધ રમતોનું આયોજન કરાયું

ખેલ કૌશલ્ય, મૈત્રીભાવના અને ટીમવર્કના મૂલ્યો, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સમાં રમતો અને આનંદભર્યા ઉલ્લાસ સાથે સ્પોર્ટ્સ ડે 2026 યોજાયો હતો. જે અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

એમ.એસ.યુનિવર્સીટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના આયોજિત સ્પોર્ટ્સ ડેમાં ક્રિકેટ, બેડમિન્ટન, કેરમ, ચેસ, ત્રિપગી દોડ, લિમ્બુ ચમચી દોડ, અને કોથળા દોડનો સમાવેશ કરાયો હતો. દરેક રમતને સફળ બનાવવા માટે કો-ઓર્ડિનેટર્સે તેમના જવાબદારી ભર્યા અને નૈપુણ્યપૂર્ણ આયોજન દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. રમતગમતના કોઓર્ડિનેટર જનક જાસકિયા તથા કાર્યક્રમના સહ-સંયોજક તરીકે ડો. દીપક સોલંકી અને મુખ્ય સંયોજક તરીકે ડો. નીતિન પરમારએ પ્રભાવશાળી આયોજન કર્યું હતું. ફેકલ્ટીના ડીન. પ્રો. ગૌરાંગ ભાવસારે તમામ ખેલાડીઓ, સહયોગીઓ અને વિદ્યાર્થીઓના ઉત્સાહની પ્રશંસા કરી હતી અને સ્પોર્ટ્સ ડે ની સફળતા માટે તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ રમતોમાં નવું શીખવાની સાથે ખેલ કૌશલ્ય, મૈત્રીભાવના અને ટીમવર્કના મૂલ્યો, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

રાજ્યના શહેરી વિસ્તારોમાં વિકાસ કાર્ય થશે

જળ સંસાધનોમાં 92.97 MLDનો ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં 528. 35 કિમીનો વધારો

હાલ રાજ્યના 103 શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો સુનિશ્ચિત, ૩૦ શહેરોમાં વિવિધ યોજનાઓ હેઠળ પાણી પુરવઠાનાં કામો પ્રગતિ હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક પાણી પુરવઠો અને સલામત પીવાના પાણીની સમાન પહોંચ સુનિશ્ચિત કરીને રાજ્યને ટકાઉ શહેરી જળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય મોડેલ તરીકે સ્થાપિત કરવાની નેમ રાખે છે. આ જ ઉદ્દેશ્યથી શહેરી વિકાસ વર્ષ 2025 દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોના જળ સંસાધનોમાં 92.97 MLDનો અને ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં 528. 35 કિમીનો વધારો કરવામાં આવ્યો છે. વધુમાં, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચાડવા માટે 'મિશન ડેઈલી વૉટર સપ્લાય' જેવી પહેલ અમલી કરવામાં આવી રહી છે. મિશન ડેઈલી વૉટર સપ્લાય હેઠળ રાજ્ય સરકાર વિવિધ વૉટર સપ્લાય અને સેનિટેશન સંબંધિત પ્રોજેક્ટ્સ/ પહેલો હાથ ધરવા માટે શહેરી સ્થાનિક સંસ્થાઓને સહાય પૂરી પાડે છે.

ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા 2025નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું છે, અને આ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

હાલ રાજ્યના 103 શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચે છે

ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને પહેલો હેઠળ ગુજરાતના 103 શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોચાડવામાં આવી રહ્યો છે. બાકી રહેલા શહેરો પૈકી 30 શહેરોમાં વિવિધ યોજનાઓ હેઠળ પાણી પુરવઠાનાં કામો પ્રગતિ હેઠળ છે. રાજ્યની બાકીની 32 સ્થાનિક સંસ્થાઓમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો મળી રહે તે માટે મિશન ડેઈલી વૉટર સપ્લાય લાગુ કરવામાં આવી રહ્યું છે, જે હેઠળ વિવિધ ઘટકો માટેનાં કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

ચાર જિલ્લાની ઉત્પાદન અને સેવા ક્ષેત્રની કુલ ૬૬ કંપનીઓમાં બે હજારથી વધુ ખાલી જગ્યા

તરસાલી ખાતે ક્લસ્ટર કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટિસશીપ ભરતી મેળો યોજાયો

૮૯૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરામાં તરસાલી આઈ.ટી.આઈ. કેમ્પસમાં આજે મેયર શ્રીમતી પિન્કીબેન સોનીના અધ્યક્ષ સ્થાને ક્લસ્ટર કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો હતો. મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, વડોદરા તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી આણંદ, ખેડા તથા છોટા ઉદેપુરના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ મેગા રોજગાર ભરતી મેળામાં ચાર જિલ્લાની ઉત્પાદન અને સેવા ક્ષેત્રની કુલ ૬૬ કંપનીઓએ ભાગ લીધો હતો. કુલ બે હજારથી વધુ ખાલી જગ્યા માટે આયોજીત આ રોજગાર ભરતી મેળામાં ૧૬૦૦ થી વધુ નોકરીવાંચ્છુ ઉમેદવારો હાજર રહ્યા હતા, જેમાંથી ૧૧ દિવ્યાંગ ઉમેદવારો સહિત કુલ ૮૯૮ ઉમેદવારોની નોકરીદાતા દ્વારા પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. વડોદરાના મેયર પિન્કીબેન સોનીએ રોજગાર અને કુશળતા વિકાસને વધુ સુદૃઢ બનાવવાની દિશામાં સરકારની પ્રતિબદ્ધતાને કેન્દ્રમાં રાખીને પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. શ્રીમતી સોનીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશા યુવાનોના કૌશલ્ય નિર્માણ અને રોજગારી માટે કટિબદ્ધ રહી છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત @૨૦૪૭' ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત 'વિકસિત ગુજરાત' ના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે રાજ્યના દરેક હાથને કામ અને દરેક કામને યોગ્ય દામ મળવો જોઈએ, તેવો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વવાળી રાજ્ય સરકારનો સ્પષ્ટ અભિગમ છે. મેયરે વધુમાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં યુવાનોએ નોકરી માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, પરંતુ આજે બદલાયેલા સમયમાં સરકારે 'પારદર્શકતા અને ગતિશીલતા' સાથે સામે ચાલીને 'રોજગાર મેળા'ના માધ્યમથી નોકરીદાતા અને નોકરીવાંચ્છુઓને એક જ મંચ પર લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આજના યુવાનો નસીબદાર છે કે તેમને નવીન કાર્ય સંસ્કૃતિનો લાભ મળી રહ્યો છે, તેમ શ્રીમતી સોનીએ ઉમેર્યું હતું. રોજગાર મેળામાં ભાગ લઈ રહેલા ઉમેદવારોને ખાસ અપીલ કરતા મેયર શ્રીમતી સોનીએ કહ્યું હતું કે, આ મેળામાં માત્ર સીધી ભરતી જ નહીં, પરંતુ 'એપ્રેન્ટિસશીપ' પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. એપ્રેન્ટિસશીપને માત્ર તાલીમ ન ગણીને તેને કારકિર્દીનો પાયો ગણવા પર શ્રીમતી સોનીએ યુવાનોને અનુરોધ કર્યો હતો. ચાર જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારો એકત્ર થયા છે, ત્યારે આ ક્લસ્ટર એપ્રોચથી યુવાનોને પોતાના જિલ્લા ઉપરાંત પાડોશી જિલ્લાઓમાં પણ રોજગારીની તકો વિશે જાણકારી મળે છે અને ઉદ્યોગોને પણ બહોળી સંખ્યામાં કુશળ માનવબળ મળી રહેશે, તેવો વિશ્વાસ મેયરશ્રીએ વ્યક્ત કર્યો હતો. શ્રીમતી સોનીએ આજના મેગા રોજગાર ભરતી મેળામાં હાજર રહેલી કંપનીઓનો આભાર માનીને જણાવ્યું હતું કે, ઔદ્યોગિક ગૃહો (કંપની) સરકાર સાથે ખભેખભો મિલાવીને 'રાષ્ટ્ર નિર્માણ'ના કાર્યમાં સહભાગી થઈ રહ્યા છે. અંતમાં, સુંદર આયોજન બદલ મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરીને અભિનંદન પાઠવી યુવાનોને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી. નાયબ નિયામક (રોજગાર), વડોદરા ડી. કે. ભટ્ટે સ્વાગત પ્રવાચનમાં રોજગારવાંચ્છુ ઉમેદવારોને શુભકામના પાઠવીને કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી.

નોનવેજ વેચવા મુદ્દે સિક્લીગરના બે જૂથે વચ્ચે ઝઘડો થયો હતો

લાલ બ્રિજ નીચે ખુલ્લેઆમ તલવારોથી હુમલો કરનાર 5 સિકલીગર ઝડપાયા

પોલીસ સ્ટેશનમા હુમલાખોરોએ કાન પકડી આવી ભૂલ નહીં કરીએ તેવી માફી માગી

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.6

વડોદરા શહેરના લાલબાગ બ્રિજ નીચે આવેલી સિમેન્ટ ફેક્ટરી પાસે જાહેરમાં નોનવેજ વેચવા બેસેલા સિલીગરો વચ્ચે જગ્યા બાબતે ઝઘડો થયો હતો. ત્યારે બંને પક્ષના લોકોએ તલવારોથી હુમલો એકબીજા પર કર્યો હતો. આ ઘટનામાં રાવપુરા પોલીસે 5 આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓએ પોલીસ સ્ટેશનમાં કાન પકડી ફરી આવી ભુલ નહી કરીએ તેવી માફી માંગી હતી. વડોદરાના લાલબાગ બ્રિજ નીચે નોનવેજ વેચવા મુદ્દે સિકલીગરોના બે પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં સિકલીગરોએ એકબીજા પર તલવારથી પથ્થરથી હુમલો કર્યો હતો. જેના સીસીટીવી ફુટેજ પણ વાઈરલ થયા હતા.

ઘટના બાદ રાવપુરા પોલીસ અને 108 સ્થળ પર પહોચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. જાહેર રોડ પર ખુલ્લી તલવારો સાથે દોડતા સિકલીગરોને જોઈને શહેરીજનોમાં ભય ફેલાયો હતો. જેમાં પોલીસે તલવારથી હુમલો સાથે પથ્થરમારો કરવાના કેસમાં 5 આરોપી પોનુસિંગ ઉર્ફે રફતારસિંગ મનજીતસિંગ દુધાની, બચ્ચુસિંગ ઉર્ફે જસપાલસિંગ મનજીતસિંગ દુધાની, રણવીરસિંગ ઉર્ફે ક્રાંતિ સંતોકસિંગ સરદાર, આઈસિંગ દિલિપસિંગ ટાંક અને અર્જુનસિંગ આઈસિંગ ટાંક ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આરોપીઓએ પોલીસ સ્ટેશનમાં કાન પકડી આવી ભુલ ફરી નહી કરવા માટે માફી માગી હતી.

પૂર્વ સૈનિકો (ESM) તથા પૂર્વ સૈનિકોના વિધવાઓને ઑનલાઈન નોંધણી કરાવવા અનુરોધ

વડોદરા : જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન કચેરી હેઠળ આવતાં વડોદરા, આણંદ, ખેડા અને છોટા ઉદેપુર જિલ્લાના તમામ પૂર્વ સૈનિકો (ESM) તથા પૂર્વ સૈનિકોના વિધવાઓ (ESM Widows) જેમણે હજી સુધી ઑનલાઈન નોંધણી કરાવી નથી, તેમણે તમામ સૈનિક દસ્તાવેજો, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ,ઓળખપત્ર, આધાર કાર્ડ, પાન કાર્ડ, PPO, ડિસ્ચાર્જ બુક/સર્વિસ બુક, બેંક પાસબુક, તાજું વીજળી બિલ, જન્મ પ્રમાણપત્ર/સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, ડોમિસાઈલ સર્ટિફિકેટ, NOC જેવા તમામ દસ્તાવેજો સાથે શક્ય તેટલી વહેલી તકે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન કચેરી, વડોદરા ખાતે સંપર્ક કરી પોતાની ઑનલાઈન નોંધણી કરાવવાની રહેશે. નોંધનીય છે કે ભવિષ્યમાં જિલ્લા સૈનિક કલ્યાણ તથા પુનર્વસવાટ કચેરી સંબંધિત તમામ સેવાઓ અને કામગીરી માત્ર ઓનલાઈન નોંધણી પૂર્ણ થયા બાદ જ કરવામાં આવશે. ઉપરાંત, પૂર્વ સૈનિકો / પૂર્વ સૈનિક વિધવાઓ પોતાની રીતે પણ ઓનલાઈન નોંધણી પૂર્ણ કરી શકે છે. તે માટે www.esm.gujarat.gov.in વેબસાઈટ પર જઈને નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવા વડોદરા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે.

BBA વિભાગમાં BBA –બાજીગર 2026 ઈવેન્ટના પ્રચાર માટે બાઈક રેલી યોજાઈ

વડોદરા : મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના બીબીએ ડિપાર્ટમેન્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકપ્રિય ઈવેન્ટ બીબીએ બાજીગરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તારીખ 19 થી 27 જાન્યુઆરી દરમિયાન યોજાનાર છે. આ ઈવેન્ટના પ્રચાર પ્રસાર અને જનજાગૃતિ હેતુસર બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીબીએના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઢોલ નગારાના તાલ અને ફટાકડાની આતશબાજી સાથે રેલી કાઢવામાં આવી હતી.

સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે તા.૭મીએ મલ્ટીમીડિયા શો "જોડે એ સરદાર"નું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ તથા Internal Quality Assurance cell (IQAC) દ્વારા આગામી તા.૦૯-૦૧-૨૦૨૬ના રોજ સાંજે ૦૬ વાગ્યાથી અદ્ભુત સંગીત નાટક,મલ્ટીમીડિયા શો "જોડે એ સરદાર" શીર્ષક હેઠળ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પ્રતાપગંજ સ્થિત પ્રોફ. સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સની સ્થાપનાના ૧૪૦ વર્ષ તથા પ્રખ્યાત સંગીતકાર પ્રોફ. સી.સી. મહેતાના ૧૨૫મા જન્મજયંતિ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં કલાકારો, સંશોધકો, વિદ્યાર્થીઓ તથા સંગીત અને કલા પ્રિય જાહેરજનતાને પધારવા એમ.એસ. યુનિવર્સિટી,ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ડીન પ્રોફેસર ગૌરાંગ ભાવસાર દ્વારા હાર્દિક નિંમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

નોંધાયેલું કાર્યાલયઃ ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭ ફોનઃ ૦૧૧૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈ-મેઈલઃ customer.care@herohfl.com વેબસાઇટઃ www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148 સંપર્ક સરનામુંઃ ઓફિસ નં. ૪૦૮, સિદ્ધાર્થ કોમ્પ્લેક્સ, એક્સપ્રેસ હોટેલ નજીક, આર. સી. દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૦૭

કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વાંચવામાં આવેલા પરિશિષ્ટ IV અનુસાર)

જ્યારે, હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે સેક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) હેઠળ અધિકારીઓ ઉપયોગ કરીને નીચે દર્શાવેલી માંગણી નોટિસો જારી કરી ઉધાર લેનારાઓને કહેવામાં આવ્યું હતું કે, તેઓ આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવે.

જોકે, ઉધાર લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ખાસ કરીને ઉધાર લેનારાઓને અને સામાન્ય જનતાને આ મારફતે નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૪) સાથે ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલા હકોનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને ઉધાર લેનારાઓને અને સામાન્ય જનતાને આ મારફતે ચેતવણી આપવામાં આવે છે કે, તેઓ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના નીચે દર્શાવેલી રકમ અને તેના પરના વ્યાજ અને દંડ વ્યાજ, ચાર્જ, કોસ્ટ વગેરે માટેના ચાર્જ હેઠળ આવશે.

ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સુરક્ષિત મિલકતો મુક્ત કરવા માટે ઉધાર લેનારાઓનું ધ્યાન એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

લોન ખાતા નંબર	જવાબદાર/કાયદેસર વારસદાર/કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	માંગણી નોટિસ તારીખ/ માંગણી નોટિસ મુજબ રકમ	કબજાની તારીખ (રચનાત્મક/ ભૌતિક)
HHFVADHOU20000008047, HHFVADLAP20000008439	સોલંકી મનીષા યોગેશભાઈ, હરિજન રજનીકાંત એસ	09.07.2025 રૂ. 1284249/- તારીખ 09.07.2025ના રોજ	04.01.2026 (ભૌતિક)

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકતનું વર્ણનઃ ઘર નં. ૪૧૪, અકરની રજુ. નં. ૭૭૯ જેમાં ૬૯.૭૦ ચો.મી. જમીન હરિજન વાસમાં પોર (ગામ તાલુકો) ગામની સીમમાં, બસ સ્ટેન્ડની સામે, , તાલુકો અને જિલ્લો- વડોદરા, ગુજરાત - ૩૯૨૨૪૩ સીમાઓઃ ઉત્તરઃ ભરતભાઈ છીતાભાઈ પટેલની દુકાન, પૂર્વઃ નવું ફળિયું, દક્ષિણઃ સોમાભાઈ મંગળભાઈ હરિજનનું ઘર, પશ્ચિમઃ રસ્તો

તારીખઃ - ૦૭.૦૧.૨૦૨૬ સ્થળઃ - વડોદરા સહી/- અધિકૃત અધિકારી હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ માટે

મંજુસરની કંપનીમાંથી રૂ. 6.72 લાખના મુદ્દામાલની ચોરી

કોપર કોઈલ અને એલ્યુમિનિયમ બોબીન ઉઠાવી ગયા તસ્કરો, બે શખ્સ CCTVમાં કેદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરાના મંજુસર GIDC વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં મોડી રાત્રે મોટી ચોરીનો બનાવ સામે આવ્યો છે. બારીની ગ્રીલ તોડી બે અજાણ્યા તસ્કરો કંપનીમાં ઘુસ્યા હતા અને કોપરની કોઈલ તેમજ એલ્યુમિનિયમના બોબીન સહિત કુલ રૂ. 6.72 લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના કંપનીમાં લગાવેલા CCTV કેમેરામાં કેદ થઈ જતાં પોલીસે તસ્કરોને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે. આ મામલે કારેલીબાગ વિસ્તારમાં અધ્યાપકનગરમાં રહેતા સુરેશચંદ્ર બોદનલાલ જૈને ફરિયાદ નોંધાવી છે. તેઓ વર્ષ 2010થી મંજુસર

GIDCમાં આવેલી NJA Industries Private Limited કંપની ચલાવે છે. છેલ્લા બે વર્ષથી અલીન્દ્રા ગામની સીમમાં કંપનીનું બીજું યુનિટ શરૂ કરાયું છે, જ્યાં ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન થાય છે. આ ઉત્પાદન માટે કોપર, એલ્યુમિનિયમ, સ્ટીલ, ઓઈલ અને વિવિધ પ્રકારના ઈન્સ્યુલેશન મટીરિયલનો ઉપયોગ કરવામાં આવે છે.

ફરિયાદ મુજબ, 15 ડિસેમ્બરના રોજ રાત્રે આશરે સવા એક વાગ્યાના સમયે બે તસ્કરો યુનિટ-2ના વાઈન્ડીંગ એરીયાની પાછળ આવેલી બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશતા CCTVમાં નજરે પડે છે. બાદમાં તેઓ વાઈન્ડીંગ એરીયામાંથી કોપરની કોઈલ નંગ 13, કોપરની પ્લાસ્ટિક બોબીન નંગ 7 તેમજ એલ્યુમિનિયમના બોબીન નંગ 8 ચોરી કરતાં જોવા મળે છે. બીજા દિવસે ચકાસણી દરમિયાન કુલ કોપરની કોઈલ અને પ્લાસ્ટિક બોબીન નંગ 20 (કિંમત રૂ. 6 લાખ) તથા એલ્યુમિનિયમ બોબીન રૂ. 72 હજાર મળી કુલ રૂ. 6.72 લાખના મુદ્દામાલની ચોરી થયાનું સામે આવ્યું હતું. આસપાસ તપાસ છતાં ચોરાયેલો માલ મળ્યો ન હતો.

રોયલ લોકોનો રોયલ મેળો... રોયલ મેળામાં મસ્તી સાથે મોજ

New Theme NEW LIVE BIRD THEME 1+1 ટીકીટ ફ્રી ENTRY TICKET + ENTRY TICKET

આ ઓ